ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં આ વર્ષે હોમ ક્રિસમસ સેલીબ્રેશન



## ઘરે જ ક્રિસમસ ટ્રી અને કેક સાથે ઈનડોર ગેમ્સ રમી ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫

નાતાલ નિમિત્તે શહેરના ચર્ચ ઉપરાંત અનેક ખ્રિસ્તી પરિવારોમાં દર વર્ષે ક્રિસમસની ઉજવણી થતી હોય છે. પ્રેયર સાથે સંગીત, ભેટ સોગાદ, ખાસ પ્રકારનું ખાણું, લાઈટની રોશની, લીલા રંગના વૃક્ષની સજાવટ અને ભેટ સોગાદોની આપ-લે આ દિવસે ખાસ થતી હોય છે. નાના બાળકોથી લઈ મોટા તમામ શહેરમાં ક્રિસમસની ઉજવણી કરે છે. હવે તો શહેરની તમામ શાળાઓમાં પણ તમામ તહેવારો સાથે ક્રિસમસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે કોરોનાને કારણે શહેરની શાળાઓ દ્વારા ઓનલાઈન સેલીબ્રેશન યોજાયું હતું તથા શહેરના અનેક પરિવારો દ્વારા બાળકોને ઘરે જ ક્રિસમસ ટ્રી લાવી સજાવી આપવામાં આવ્યા હતા. આ વર્ષે ઘરની બહાર વધુ નીકળવા માટે કોરોનાને કારણે શહેરીજનો ડરે છે ત્યારે ઘરે જ ક્રિસમસ સેલિબ્રેશન થયું હોવાથી પરિવારજનો પણ ઉજવણીનો ભાગ લઈ રહેલા નજરે ચઢે છે. આ ઉપરાંત શહેરના અનેક સામાજીક સંસ્થા દ્વારા અનાથાશ્રમ કે જરૂરિયાતમંદને ગીફ્ટ અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શહેરમાં આ વર્ષે કોરોનાને કારણે નાતાલની ઉજવણી દર વર્ષ કરતા ફિક્કી જણાઈ હતી. દર વર્ષની જેમ આ વર્ષે અમુક જગ્યાએ બાળકો માટે થતા સેલિબ્રેશન થયા જ નથી. અમુક શોપ કે જયાં મ્યુઝિક સિસ્ટમ સાથે સાન્તાકલોઝ પણ રહેતા હતા તે કોરોનાને કારણે નજરે ચઢયા ન હતા ઉપરાંત જયાં ડેકોરેશન અને મ્યુઝિક સિસ્ટમ હતી ત્યાં દર વર્ષ જેટલી ભીડ જણાઈ નથી કારણકે સરકાર દ્વારા બાળકો અને વૃધ્ધોને બહાર જવા માટે મનાઈ ફરમાવવામાં આવી છે અને ગાંધીનગરમાં ઠંડીને કારણે આમ પણ સાંજે ૮ વાગ્યા બાદ રોડ ખાલી જ જોવા મળી રહ્યા છે.

શહેરના ઘરે ઘરે હોમ ક્રિસમસ સેલિબ્રેશન આ વર્ષે સૌથી વધુ થયા છે જયાં માતા-પિતાએ બાળકો માટે ઘરે જ ક્રિસમસ ટ્રી અને ગીફટસ તૈયાર કરી બહાર જેવું જ વાતાવરણ ઉભું કર્યું હતું એટલે બાળકોએ બહાર જવાની જીદ પણ કરી નથી આ સાથે ઓનલાઈન ફેમિલી ક્રિસમસ સેલીબ્રેશન પણ વિડિયોકોલ દ્વારા ઘણા પરિવારોએ કર્યું હતું. ઘરે ઘરે હોમ મેડ કેક અને ચોકલેટ બની હતી. રાત્રે ટીવી શોઝ અને વેબસિરીઝ જોવા સાથે ઈનડોર ગેમ્સ રમી શહેરીજનોએ ક્રિસમસની ઉજવણી કરી હતી. આમ, શહેરીજનોએ ઠંડી અને કોરોનાને કારણે ઘરમાં જ રહેવાનું અને ઘરે જ રહીને સેલિબ્રેશન કરવાનો આગ્રહ રાખ્યો હતો.

# ગરીબ કલ્યાણ યોજનાના ચીજવસ્તુ વિતરણમાં અણઘડ આયોજનથી માસ્ક-સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા

## તંત્ર આંખ આડા કાન કરતું હોવાથી પ્રજામાં રોષની લાગણી



ગાંધીનગર, તા.૨૫

જયારથી કોવિડ-૧૯ ગાઈડલાઈન અમલમાં આવી છે અને તેમાં માસ્ક નહીં પહેરવા પર રૂ. ૧ હજાર સુધીનો દંડ નિયત કરવામાં આવ્યો છે ત્યારથી આ બાબતે પ્રજામાં તેની અમલવારી સંદર્ભે સરકાર દ્વારા બેવડી નીતિ અપનાવાતી હોવાની રાવ ઉઠી રહી છે અને વાહનચાલકો પાસેથી કે બજારમાં દુકાને એકલાં બેઠેલા વેપારી કે એકલાં ફરતા વ્યકિત પાસેથી વસુલવામાં આવતા દંડ પ્રત્યે નારાજગી જોવા મળી રહી છે. એક તરફ સત્તાપક્ષ સહિતના નેતાઓ છડેચોક માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડે તેવા આયોજનો કરવાના કિસ્સા અટકવાનું નામ નથી લેતા અને બીજી તરફ હવે ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને યોજના મુજબની ચીજવસ્તુ કીટ વિતરણમાં પણ સોશ્યલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાડવામાં આવતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે જેના પર કોઈ કાર્યવાહી ના થતી હોવાને કારણે બજારમાં કે રસ્તા પર માસ્ક ખાલી ઉપર નીચે હોવા બાબતે દંડિત થયેલા નાગરિકો બેધારી નીતિથી રોષે ભરાયા છે.

જો તમે રોડ પર માસ્ક પહેર્યા વગર જ એકલા પસાર થતાં હોવ અને તમને માસ્ક બાબતે કોઈ પોલીસ કર્મચારી દંડનીય કાર્યવાહી કરે અને એ દંડ ભર્યા પછી જો તમારી નજર સામે જ સરકારી સહાય વિતરણ કાર્યક્રમમાં માસ્ક ના પહેર્યું હોય કે સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યું ન હોય તેવા ટોળાં જોવા મળે અને તેમના પર કોઈ કાર્યવાહી કરવામાં ના આવે તો તમને રોષ આવ્યા વગર રહેશે. શહેરના સેકટર-૨૮માં આજે સે-૨૮ જીઆઈડીસી ખાતે સરકારના ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત પ્લોટ નં. ૩૧૩ ખાતેથી સરકારી યોજના મુજબની ચીજવસ્તુઓના વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં અધિકારીઓના અણઘડ આયોજનને કારણે ભીડ એકઠી થઈ હતી અને સોશિયલ ડિસ્ટન્સ કે માસ્ક પહેરવાના નિયમોના ધજાગરા છડે ચોક ઉડયા હતા. જો કે આ કાર્યક્રમોના આયોજન માટે કોઈ અધિકારીને કે લાભાર્થીને દંડ નહીં થાય કેમ કે તેની વોટબેંક પર અસર પડે પરંતુ રસ્તે જતા વાહન ચાલકોને દંડવામાં કોઈ કસર છોડવામાં નહીં આવે.

# સે-૫-બીમાં છેલ્લા બે માસથી પાણીના ઓછા પ્રેશરની સમસ્યા

## સત્વરે પુરતા પ્રેશરથી પાણી આપવામાં નહીં આવે તો મહિલાઓ સરઘસ કાઢી પાણી પુરવઠાની કચેરીએ જઈને માટલા ફોડશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં કેટલીક સમસ્યાઓ જાણે ભેટમાં મળી હોય તેમ નિયમિત ખડી થઈ રહી છે જેનો કોઈ કાયમી ઉકેલ આવતો નથી. આવી સમસ્યામાં એક પાણીના પ્રેશરની સમસ્યા છે જે વારંવાર વિવિધ સેકટરોમાં તો સર્જાય જ છે પરંતુ ખાસ કરીને નવા સેકટર વિસ્તારમાં વધુ જોવા મળે છે. અત્યારે શહેરના સેકટર-૫-બી વિભાગમાં છેલ્લા બે એક માસથી પીવાનું પાણી ઓછા પ્રેશરથી આવતું હોવાની સમસ્યા સતાવી રહી છે. જેનો વારંવાર રજૂઆતો છતાં ઉકેલ આવતો નથી. આ સંદર્ભે સેકટર-૫ વસાહત મહામંડળ દ્વારા સેકટરમાં જો નિયમિત પ્રેશરથી પાણી નહીં આવે તો હવે સેકટરની મહિલાઓ દ્વારા ખાલી માટલા લઈ સરઘસ કાઢી પાણી પુરવઠા કચેરીમાં જઈને ફોડી દેખાવો કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.



સેકટર-૫-બીના અગ્રણી તથા વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલાએ જણાવ્યું છે કે સેકટર-૫-બી વિભાગમાં છેલ્લા બે માસથી નળમાં પાણીનું પ્રેશર એટલું ઓછું આવે છે કે જેના કારણે વસાહતીને ઘરવપરાશ તો ઠીક પીવા માટે પણ પુરતું પાણી ભરી શકાતું નથી અને ના છૂટકે પૈસા ખર્ચીને ટેન્કર દ્વારા પાણી મંગાવવું પડે છે. આ સમસ્યા અંગે સેકટર-૫ વસાહત મહામંડળ દ્વારા અવારનવાર રજૂઆતો કરવામાં આવી છે છતાં આ સમસ્યા ઉકેલવાનું ધ્યાને લેવાતું નથી તે દુઃખદ બાબત છે. આ કારણે તેમણે જણાવ્યું છે કે જો સત્વરે સેકટર-૫-બીમાં પુરતા પ્રમાણમાં પ્રેશરથી પાણી પુરતું પાડવામાં નહીં આવે તો ના છૂટકે સેકટરની મહિલાઓને ખાલી માટલા સાથે સરઘસ કાઢી પાણી પુરવઠા કચેરીએ જઈને માટલાં ફોડી પોતાની રજૂઆત કરવાની ફરજ પડશે.

# લાયન્સ કલબ ફેમિના દ્વારા માનસિક દિવ્યાંગ બાળકો સાથે નાતાલની વિશેષ ઉજવણી




ગાંધીનગર, તા.૨૫

લાયન્સ ક્લબ ફેમીના દ્વારા માનસિક રીતે વિકલાંગ બાળકો સાથે નાતાલની ઉજવણી કરવામાં આવી હતી.

કોરાનાના આ કપરા સમયમાં આવી ઉજવણી જીવનમાં આનંદ પ્રસરાવે છે ત્યારે અન્યોને ખુશી આપવાના આ તહેવારની ઉજવણી લાયન્સ કલબ ફેમીનાના સભ્યોએ સેકટર- ૧ માં આવેલ માનસિક રીતે વિકલાંગ બાળકોની શાળા- વિશેષ ખાતે કરી હતી.

ફેમીનાના સભ્યોએ માનસિક દિવ્યાંગ બાળકો સાથે ઈન્ડોર રમત રમી, ડાન્સ કરી, સતત બે કલાક બાળકોને ગમ્મતની લ્હાણી કરી હતી. કેક, ડ્રોઈંગ અને રમતના સાધનની ગિફ્ટ મેળવીને બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી. ક્લબના સભ્યો પાયલ પુરોહિત, ભારતી રાવલ, જાગૃતિ વ્યાસ, રૂપલ બિહોલા, દિપ્તી જોષી, કુસુમ જોષી, મનીષા ત્રિપાઠી, સેક્રેટરી દક્ષા જાદવે સમગ્ર કાર્યક્રમને જીવંત બનાવ્યો હતો. કાનન પટેલ દ્વારા પ્રોજેક્ટ ચેરમેન તરીકે સુંદર કામગીરી નિભાવવામાં આવી હતી. શાળા પરિવારના સભ્યો દ્વારા પણ સુંદર સહકાર આપવામાં આપ્યો હતો. સંસ્થાના દિપાલીબેનનો લાયન્સ કલબ ફેમીનાના પ્રમુખ મમતાબેન રાવલ દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

# ઢોર પકડ પાર્ટીએ રખડતી ગાય પકડી તો માલિકે આવી દાદાગીરી કરી

## સે-૫માં સર્જાયેલી ઘટનામાં ઢોર પકડ પાર્ટીના કર્મચારીને પશુપાલકોએ ડરાવવા કોશિષ કરતા કર્મચારીએ પોલીસ બોલાવી પરંતુ અંતે કોઈ ફરિયાદ નોંધાઈ નહીં : મામલો રફાદફા કરીને રખડતાં ઢોરની સમસ્યા થોડી ઉકેલાશે??


ગાંધીનગર, તા.૨૫

શહેરમાં રખડતાં ઢોરની સમસ્યા ઉકેલવામાં પશુપાલકોની દાદાગીરી બાધા નાંખે છે. સેકટર-૫માં આજે રખડતાં ઢોર પકડવા ગયેલી તંત્રની ઢોર પકડ પાર્ટીના કર્મચારીએ આજે એક રખડતી ગાયને ડબ્બે પુરવા કોશિષ કરતા ત્યાં આવી પહોંચેલા પશુપાલકોએ કર્મચારી સાથે માથાકુટ કરી તેને ધમકાવી ડરાવવા પ્રયાસ કર્યો હતો તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. ગાયના માલિક સહિત પશુપાલકોના અણછાજતા વર્તનને પગલે કર્મચારીએ પોલીસને ફોન કરીને સ્થળ પર બોલાવી હતી પછી આખો મામલો પોલીસ સ્ટેશને ગયો હતો પરંતુ કોઈ કારણસર પોલીસ ચોપડે આ બાબતે કોઈ ફરિયાદ નોંધાઈ નથી અને ભીનું સંકેલી લેવામાં આવ્યું હોવાની વાતો ચર્ચાઈ રહી છે.



સેકટર-૫માં રખડતી એક ગાયને પકડીને પાંજરે પુરવાની કોશિષ કરતા કર્મચારીઓ અને તે જ સમયે ત્યાં આવી પહોંચેલો ગાયનો માલિક તથા અન્ય પશુપાલકો વચ્ચે ચકમક ઝરી હતી અને પશુપાલકોએ ઉગ્ર ભાષામાં કર્મચારીનો ડરાવવા પ્રયાસ અને ગાયને નહીં જ લઈ જવા હઠાગ્રહ કર્યો હતો જેના પગલે કર્મચારીએ સલામતીના કારણોસર પોલીસને ફોન કરી દેતાં થોડીવારમાં પીસીઆર વાન ત્યાં આવી પહોંચી હતી. પીસીઆર વાનમાં ફરજ પરના પોલીસ કર્મીએ ત્યાં મામલો થાળે પડવા કોશિષ કરી હતી પરંતુ પશુપાલકોનો સાવ ખોટી રીતે ઉગ્ર મિજાજ જોઈ કર્મચારીએ પોલીસ ફરિયાદ કરવાની તૈયારી દર્શાવી હતી જેના પગલે ગાયને ઢોર પકડવાની ગાડી સાથે બાંધીને કર્મચારી તથા પશુપાલકને પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા જો કે પોલીસ સ્ટેશને પહોંચ્યા પછી આખો મામલો સમાધાનથી કે અન્ય કારણોસર રફેદફે થઈ ગયો અને કોઈ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ નહોતી. સમગ્ર ઘટનામાં અંતે તો વસાહતીઓને જ સહન કરવાનું આવશે અને શહેરમાં આ રીતે રખડતાં ઢોરની સમસ્યા ઉકેલાશે નહીં તે સ્પષ્ટ પ્રતિત થાય છે.

# નારાયણી હાઈટસમાં ડ્રાઈવ-થ્રુ સિસ્ટમથી નાતાલની ઉજવણી





ગાંધીનગર, તા.૨૫

કોરોના મહામારીથી માત્ર ભારત જ નહીં પરંતુ આખું વિશ્વ મુસ્કેલીમાં છે. ભારત જે તહેવારોનો દેશ કહેવાય છે ત્યાં માર્ચ ૨૦૨૦થી કોરોના મહામારી, લોકડાઉનને લીધે કોઈ પણ તહેવારની ઉત્સાહપૂર્વકની ઉજવણી મુશ્કેલ થઈ ગઈ છે.

આ મહિને ક્રિસમસ અને આગામી વર્ષ ૨૦૨૧ના આગમન ટાણે નવ વર્ષની ઉજવણીમાં પણ લોકો એવું જ માનીને બેઠા છે કે આ તહેવાર પણ તેઓ ઉજવી નહીં શકે તેવામાં એરપોર્ટ-ગાંધીનગર રોડ પર આવેલ નારાયણી હાઈટસે આ વખતે નાતાલની ઉજવણી કંઈક અલગ રીતે કરવાનું નક્કી કર્યું હતું જે પૈકી એક 'ડ્રાઈવ-થ્રુ ક્રિસમસ સેલિબ્રેશન' થીમ પર એક આગવી સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

નારાયણી હાઈટસના ડાયરેકટર રાજીવ ગુપ્તાએ જણાવ્યું છે કે કોરોનાને લીધે નારાયણી હાઈટસ દ્વારા સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે અને અહીં યોજાતા તમામ કાર્યક્રમોમાં સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક, સેનેટાઈઝર, જનસંખ્યા નિયંત્રણ જેવી તમામ નાની મોટી બાબતો અંગે ખૂબ જ ધ્યાન રાખવામાં આવે છે. આ વખતે નાતાલના સમયે તેમણે કંઈક અવનવી અને સુરક્ષિત નવીન પહેલ કરી છે. જેમાં નાતાલની થીમનું ખૂબ જ અદભૂત ડેકોરેશન કરવામાં આવ્યું છે જે અંતર્ગત ૨૫ હજાર જેટલા ઝગમગ લાઈટના બલ્બ અને નાતાલની થીમ પર સંગીતની વ્યવસ્થા સાથે મહેમાનોએ પોતાના વાહનમાં આવીને સુરક્ષિતપણે ગાડીમાં બાળકો તેમજ પરિવાર સાથે બેઠા બેઠા આ આયોજનની મજા માણી હતી. સાંતા કલોઝે તેમના વાહન પાસે જઈને બાળકોને ચોકલેટ આપી હતી સાથે સાથે કોરોનાના સંક્રમણથી સુરક્ષા જાળવવા સિમ્બોલિક 'ફેન્સી કિડઝ માસ્ક' પણ ભેટમાં આપ્યા હતા.


# ગાંધીનગરના અન્નપૂર્ણાબા ઝાલાને ગોલ્ડમેડલ

ગાંધીનગર, તા.૨૫

હાલ ગાંધીનગર રહેતા અને મૂળ વિરમગામના વાંસવાના રહેવાસી અન્નપૂર્ણાબા દશરથસિંહ ઝાલાએ



એમએસસી એમએડમાં ડીસ્ટીન્કશન મેળવતા તેઓને ગોલ્ડમેડલ એનાયત કરવામાં આવ્યો છે. તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે તેઓને ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ સિધ્ધિ પ્રાપ્ત કરી તેઓએ વાંસવા ગામ અને રાજપૂત સમાજનું ગૌરવ વધાર્યું છે.



સેક્ટર-૧૬ તિરૂપતિ બાલાજી મંદિર ખાતે થયેલી ઉજવણીમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. રાજુભાઈ રમણલાલ રાવલ, ઉ.વ. ૪૨, મહુન્દ્રા, તા.જી. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. પટેલ માણેકબેન માધાભાઈ, ઉ.વ. ૮૨, વેડા, પીલવાઈ, તા. માણસા
- સ્વ. જગદીશ અમૃતરાવ પ્રધાન, ઉ.વ. ૮૪, સેકટર-૭, ગાંધીનગર
- સ્વ. ચંદુભાઈ શકરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૫૭, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. પટેલ ગોવિંદભાઈ પુરુષોત્તમભાઈ, ઉ.વ. ૭૬, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. વસાવડા નંદિનીબહેન હિમાંશુરાય, ઉ.વ. ૭૨, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. વાળંદ રણછોડભાઈ નાથાભાઈ, ઉ.વ. ૭૭, શાહપુર, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ કમળાબેન રમણભાઈ, ઉ.વ. ૭૦, છત્રાલ, તા. કલોલ